૩) બાળપ્રતિભા શોધ સ્પર્ધા, નારાયણ ડિફેન્સ ટ્રેનિંગ, SPC, સ્વઅધ્યયન સેમીનાર, સપના કરો સાકાર, પારસમણિ, ચાલો જીવન કૌશલ્ય કેળવીએ, પ્રવાસ – પર્યટન, વગેરે કાર્યક્રમોથી શાળા સતત ધબકતી રહે છે. જેનાથી વિદ્યાર્થીઓમાં વિવિધ ગુણોની ખીલવણી સાથે કૌશલ્યો અને જ્ઞાનનું સિંચન કરી શકાય છે.

- શાળામાં કોમ્પ્યૂટર લેબ, ઓડિયોવિડિયો લેબ, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાનની લેબોરેટરી સાથેનું માળખું તથા CCTV કેમેરા, ઇન્ટરનેટ, ઇન્ટરકોમ વગેરે જેવી અદ્યતન સુવિધાઓથી યુક્ત છે.
- **“Serving the Nation Through Education” શિક્ષણ દ્વારા સમાજ જાગૃતિ અને તેના થકી રાષ્ટ્રસેવા** જેવા ઉદેશ્યોને વરેલા ટ્રસ્ટી મંડળની દીર્ઘદ્રષ્ટિ અને સેવાભાવનાનો સમન્વય નારાયણ વિદ્યાલયનું ઉત્તમ આભૂષણ છે. **માત્ર શિક્ષણ જ નહી સાથે જીવન શિક્ષણ યુકત જ્ઞાનવાન, કૌશલ્યવાન અને ક્ષમતાવાન વિદ્યાર્થીઓની સમાજ અને રાષ્ટ્રને ભેટ ધરવા શાળાનું ટ્રસ્ટીમંડળ ખૂબ જ ઉત્સાહી છે.** તેમની શુભભાવનાના ફળ સ્વરૂપ નારાયણ વિદ્યાલય કલ્પ વૃક્ષની જેમ પાંગરી રહયું છે.
- શાળાના શિક્ષકો ઉત્સાહભેર તમામ પ્રવૃતિઓમાં જોડાઇને ઉત્તમ યોગદાન આપી રહયા છે.
- શાળાની વિવિધ પ્રવૃતિઓને ચેનલ નર્મદા, ચેનલ ઇન, સીટી ચેનલ, વિવિધ વર્તમાનપત્રો દ્વારા સમાજ સુધી પહોંચાડવામાં આવે છે જે વિદ્યાર્થીઓને ઉત્તમ પ્રોત્સાહન પૂરું પાડવા માટે નું સક્ષમ માધ્યમ છે.
- શાળાના વિદ્યાર્થીઓના વિકાસમાં તેમના ઘડતરની પ્રક્રિયામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પોતાનો સહકાર આપનાર સૌનો શાળા પરિવાર વતી ખૂબ ખૂબ હાર્દિક આભાર માનું છું. વિદ્યાર્થીઓના હિતમાં કાર્ય કરતી આ સંસ્થા વધુ ને વધુ વિકસિત બને તેવી શુભ ભાવના સાથે

**શ્રીમતિ બિનીતાબેન ગોહિલ**
ઇ.આચાર્યા
(ગ્રાન્ટેડ વિભાગ)

**ડૉ.ભગુભાઇ.આઇ. પ્રજાપતિ**
ડાયરેકટર અને આચાર્ય
(નોન-ગ્રાન્ટેડ વિભાગ)

બાળક જેવું ઉછરે તેવું શીખે

બાળક ટીકાઓ સાથે ઉછરે તો તે નિંદા કરતાં શીખી લેશે,
બાળક ધિક્કાર સાથે ઉછરે તો તે ઝઘડા કરતાં શીખી લેશે,
બાળક ઠેકડી સાથે ઉછરે તો તે શરમાળ થતાં શીખી લેશે.
બાળક બે આબરૂ સાથે ઉછરે તો તે ગુનાહિત ભાવ અનુભવવાનું શીખી લેશે.
બાળક સહિષ્ણુતા સાથે ઉછરે તો તે સહનશીલતાનો ગુણ કેળવશે,
બાળક પ્રોત્સાહન સાથે ઉછરે તો તે આત્મવિશ્વાસનો ગુણ કેળવશે,
બાળક પ્રશંસા સાથે ઉછરે તો તે કદર કરતાં શીખી લેશે,
બાળક ઉચિત વ્યવહાર સાથે ઉછરે તો તે ન્યાયી વલણ અપનાવતાં શીખી લેશે.
બાળક સલામતી સાથે ઉછરે તો તે શ્રધ્ધા કેળવતાં શીખી લેશે,
બાળક સ્વીકૃતિ સાથે ઉછરે તો તે સ્વઆદર કેળવતાં શીખી લેશે.
બાળક મૈત્રી ભરી રીતે ઉછરે તો તે દુનિયામાં પ્રેમની ખોજ કરતા શીખી લેશે.




**ગુજરાત રાજયમાં સર્જનાત્મક કારીગરીમાં પ્રથમ ક્રમે વિજેતા : વસાવા ભવ્યા (ધો. ૨-બ)**




**ગુજરાત રાજયમાં લગ્નગીતમાં ત્રીજા ક્રમે વિજેતા**
**કાયસ્થ ચાર્મી પી., પઢિયાર માહી, અટોદરિયા વેદાંશ્રી, વાઘેલા પાયલ (ધો.૪)**

**MANSUKHBHAI DHANJIBHAI VASAVA**
Member of Parliament (Lok Sabha)
Bharuch, Gujarat

32, Duplex Flats, North Avenue
New Delhi - 110 001
Phone : 011-23094674

सत्यमेव जयते

**શુભેચ્છા સંદેશ**

તારીખ-૪/૨/૨૦૨૩

માનનીય આચાર્યશ્રી
નારાયણ વિદ્યાલય, ભરૂચ

શ્રી નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત નારાયણ વિદ્યાલય વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનેક વિધ નવતર પ્રયોગો કરતી રહે છે જેમાં **૫૮૦** પ્રોજેકટનું ભવ્ય પ્રદર્શન, શિક્ષકોનું જ્ઞાનસત્ર, વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ , પારસમણિ પ્રોજેકટ, જીવન કૌશલ્ય કેળવીએ પ્રોજેકટ, સપના કરો સાકાર જેવા અનેક પ્રોજેકટ થકી શાળા વિદ્યાર્થીઓનું જીવન ઘડતર કરી રાષ્ટ્રના વિકાસમાં મહત્વનું યોગદાન આપી રહયા છે .બાળકોનું ઘડતર કરવા જેવી કોઇ ભકિત નથી. શાળાના વિદ્યાર્થીઓ **UPSC**ની સ્પર્ધાત્મિક પરીક્ષાઓ થકી ગુજરાતમાં કી પોસ્ટ પ્રાપ્ત કરે તેવી તાલીમ શાળાઓ આપે તેવી તાતી જરૂરિયાત છે. દેશને સમૃધ્ધ બનાવવા આત્મ નિર્ભરતા જરૂરી છે અને તે કાર્ય નારાયણ વિદ્યાલય શાળા દ્વારા થઇ રહયુ છે. ત્યારે હું ખૂબ આનંદની લાગણી અનુભવુ છું.

શાળાના વિદ્યાર્થીઓની તમામ પ્રવૃતિઓની ઝાંખી કરાવતો તથા વિદ્યાર્થીઓની સિધ્ધિઓને બિરદાવતો તેમજ શિક્ષક, વાલી, સમાજને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરી પાડતોગુજરાતી માધ્યમનો  વાર્ષિક નારાયણ ધ્વનિ અંક -૩૦ અને અંગ્રેજી માધ્યમનો અંક ૬/૩૧ પ્રગટ થવા જઇ રહયો છે ત્યારે  આ અંક સૌ માટે પ્રેરણાદાયી અને જીવનનું સંભારણું બની રહે તેવી ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. તેમજ શાળાના શિક્ષકો અને આચાર્યશ્રી તેમજ શાળાના ટ્રસ્ટી શ્રી જયંતિભાઇ ડી. પંચાલ અને શ્રી હેમંતભાઇ આર.પ્રજાપતિ દ્વારા સમાજ અને રાષ્ટ્રને ઉત્તમ સેવાઓ પ્રદાન કરવા બદલ ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન પાઠવું છું.

**ભારત માતાકી જય**

Address : Rajendra Nagar Society, Jalaram Road, Rajpipla, Distt. Narmada, Gujarat-393 145, India
Mobile: 09427110866,  E-mail: md.vasava@sansad.nic.in

**Ashok Barot**
**Chairman,**
**Municipal School Board,Bharuch**
**Date: 7/2/23**

Respected
Bhagubhai I. Prajapati,
Director,
Narayan Vidhyalaly, Bharuch

I had valuable opportunity to remain present in "Gyanotsav" programme. It was really an innovative idea.  Students of the school prepared and presented five hundred and eighty projects. I my self and thousand of intellectuals and student visited the projects. It was a big task to decide five hundred and eighty topics of science projects. Teachers of the school provided excellent guidance. students prepared projects and explained them with mastery. It will develop scientific vision in students.

Narayan Vidyalaya Bharuch has played an important role in all round development of students. I congratulate Dr. B.I. Prajapti,  Teachers and students for excellent work.